EDII

Divya Bhaskar

April 12, 2018
Page No.1
of City Life

### ઈન્સ્ટિટ્યૂટ્સમાં એક વીકથી લઈને એક મહિનાના સમર પ્રોગ્રામ

# સમરમાં સ્ટુડન્ટ્સ માટે ઈનોવેશનથી માંડી આંત્રપ્રિન્યોશિપ સુધીના પ્રોગ્રામ

એપ્રિલ મહિનાના અંતમાં એજ્યુકેશન ઈન્સ્ટિટ્યૂટ્સમાં રજાનો માહોલ હોય છે ત્યારે 'સમર સ્કૂલ પ્રોગ્રામ' ચલાવવામાં આવે છે. જેમાં કોર્સ સ્ટડી ઉપરાંત સ્કિલ ડેવલપમેન્ટના શોર્ટ કોર્સ દ્વારા સ્ટુડન્ટસ, આંત્રપ્રિન્યોર, સ્કૂલ સ્ટુડન્ટસ અને આર્ટીસ્ટ્સને તાલિમ આપવામાં આવે છે.

## સેપ્ટમાં સ્કૂલના વિદ્યાર્થીઓ માટે હાઈસ્કૂલ પ્રોગ્રામ યોજાશે

સેપ્ટમાં 7 મેથી સમર સ્કૂલનો પ્રારંભ થશે. એક વીકથી લઈને એક મહિના સુધીના કોર્સમાં આર્કિટેક્ચર, અર્બન પ્લાનિંગ, આર્ટ, ડિઝાઈન અને સ્કિલ ડેવલપમેન્ટના કોર્સ રહેશે. સ્કૂલના વિદ્યાર્થીઓ માટે 7 મેથી 'હાઈસ્કૂલ પ્રોગ્રામ'નું આયોજન કરાયુ છે. જે સિરામિક વર્કશોપ, આર્ટ એન્ડ ડિઝાઈન જેવા વિષયો પર હશે.

### NIDમાં 15 જેટલા વિષયો પર વર્કશોપ

NID પાલડી કેમ્પસ ખાતે 21 મેથી 1 જૂન સુધી સમર વર્કશોપનું આયોજન કરાશે. જેમાં બેઝિક ફોટોગ્રાફી, ઓરોગામિ અને એનિમેશન, હેરિટેજ સિટી, 3 ડાયમેશનલ એમ્બ્રોઈડરી, સ્ટોરી ટેલિંગ, વેબસાઈટ ડિઝાઈન હેન્ડમેડ ફેશન જેવા વિષયો પર વર્કશોપ યોજાશે.

### EDIIમાં મળશે ઉદ્યોગ સાહસિકતાની તાલીમ

ઈડીઆઈઆઈ દ્વારા સ્કૂલના વિદ્યાર્થીઓ માટે સમર ટ્રેનિંગ પ્રોગ્રામનું આયોજન 7મેથી કરાયુ છે. 6 જૂન સુધી ચાલનારા આ સમર ટ્રેનિંગ પ્રોગ્રામમાં સ્કૂલના વિદ્યાર્થીઓને ઉદ્યોગો, સ્ટાર્ટઅપ અને આંત્રપ્રિન્યોરશિપ સ્કિલ જેવા વિષયો પર એક્સપર્ટ ફેકલ્ટી દ્વારા તાલિમ આપવામાં આવશે.

**જીટીયુમાં ઈનોવેશન, રિસર્ચ જેવા વિષયો પર વર્કશોપ** | એન્જિનિયરિંગ, મેનેજમેન્ટ અને ફાર્મસીના વિદ્યાર્થીઓ માટે જીટીયુ દ્વારા મે મહિનામાં સમર પ્રોગ્રામ યોજાશે. જેમાં જીટીયુ અને વિઝિટિંગ ફેકલ્ટી દ્વારા વિદ્યાર્થીઓને ઈનોવેશન, રિસર્ચ, પેટન્ટ, ફાર્મા જેવા વિષયો પર માહિતી આપવામાં આવશે.

### આઈઆઈટીયન્સ કરશે ઇન્વેન્શન

આઈઆઈટી ગાંધીનગર ખાતે જૂનમાં સમર ટ્રેનિંગ પ્રોગ્રામ યોજાશે. આ માટે વિવિધ રાજ્યોમાં આવેલી આઈઆઈટીમાંથી વિદ્યાર્થીઓને પસંદગી કરીને તેઓને સિક્સ વીકની તાલિમ અને એક વીક ટ્રેનિંગ અપાશે. આ સમર પ્રોગ્રામમાં વિદ્યાર્થીઓ 10 ઈન્વેન્શનકરશે. સાત વીકના પ્રોગ્રામમાં પહેલા વીકમાં ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાશે. જેમાં બેઝિક ફોટોગ્રાફી, 3ડી પ્રિન્ટિંગ, લેસર કટિંગ અને યુઝ ઓફ સિમ્પલ ટુલ્સ વિશે માહિતી આપવામાં આવશે.